# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સામાજિક ઉત્કર્ષ માટે નવો રાહ ચિંધનારા સમૂહલગ્નોને આજના સમયની માંગ લેખાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ.**
2. **અમદાવાદ શહેર પોલીસની અનોખી પહેલ: ગુનેગારોને દર રવિવારે બોલાવીને ગુનાખોરી છોડી દેવા સમજાવાશે.**
3. **મહિસાગરના ડુંગરો અને ખેડાની પેપરમીલમાં આગને કારણે વ્યાપક નુકસાન.**
4. **ટીબી નાબૂદીના લક્ષ્યાંકને હાંસલ કરવામાં ગુજરાત દેશભરમા અગ્રેસર.**
5. **ગાંધીનગરમાં આજથી 72મી ઓલ ઇન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપનો આરંભ.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SAMUH LAGNOTSAV

ગુજરાતે માત્ર આર્થિક પ્રગતિ જ નથી કરી, પરંતુ સમાજના તમામ વર્ગોના ઉત્થાનનું પણ સતત ધ્યાન રાખ્યું છે, તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

વડોદરાના વાઘોડિયા ખાતે આયોજીત 501 નવ યુગલોના સમૂહલગ્નોત્સવમાં હાજરી આપવા પહોંચેલા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે મહિલાઓના જીવનના દરેક તબક્કે મદદરૂપ થવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. મુખ્યમંત્રીએ સમૂહલગ્નોને આજના સમયની માંગ તરીકે ગણાવી હતી.

(બાઇટ – ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી ),

આ પ્રસંગે મા-બાપ વિહોણી દત્તક દીકરીઓને મુખ્યમંત્રીએ ૧૫ હજારના ચેકનું વિતરણ કર્યું હતું..

# AHMEDABAD CP CONFERENCE

અમદાવાદ શહેર પોલીસ દ્વારા શહેરમાં એક હજાર 481 જેટલા અસામાજિક તત્વોની સૂચિ તૈયાર કરી છે, જેમાં 303 બુટલેગરો સહિત અનેક ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનો સમાવેશ થાય છે. આ

ઉપરાંત, પોલીસ કમિશનર જી એસ મલિકે છેલ્લા દોઢ વર્ષમાં ગુનાખોરીમાં ઘટાડો થયો હોવાનું પણ જણાવ્યું હતું.

(બાઇટ- જી એસ મલિક પોલીસ કમિશનર અમદાવાદ શહેર)

પોલીસ કમિશનર મલિકે માહિતી આપતા જણાવ્યું કે, તૈયાર કરવામાં આવેલી યાદીમાં જુગારમાં સંડોવાયેલા 21, શરીર સંબંધિત ગુનાઓમાં 687, મિલકત સંબંધિત ગુનાઓમાં 424 અને એનડીપીએસ તથા અન્ય ગુનાઓમાં સંડોવાયેલા 46 આરોપીઓનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ પર પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. પોલીસ દ્વારા આ તમામ ગુનેગારોને ગુના છોડી દેવા માટે કહેવામાં આવ્યું છે અને દર રવિવારે ક્રાઈમ બ્રાન્ચમાં આ પ્રક્રિયા ચાલુ રહેશે.

# PANCHMAHAL FOOD CHECKING

પંચમહાલ જિલ્લામાં સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનોની સતત અને સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે. લાભાર્થીઓને મળવાપાત્ર અનાજનો જથ્થો પુરેપુરો મળી રહે તે માટે નિયમિત તપાસના ભાગરૂપે જિલ્લા પુરવઠા અધિકારી ધ્વારા ગોધરા તાલુકાના ટીંબા નદીસર અને શહેરા તાલુકાના વાડી ગામે દુધ ઉત્પાદક મંડળી દ્વારા સંચાલિત

સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોની આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ તપાસ દરમ્યાન રેશનકાર્ડ ધારકોને કુપન ના આપવી, ઇલેકટ્રીક વજન કાંટો ના નિભાવવું તેમજ સમયસર દુકાન ના ખોલતા હોવાનું જણાઈ આવ્યું હતું. તેમજ દુકાનમાં જથ્થામાં મોટાપ્રમાણમાં વધ-ઘટ જોવા મળતાં રૂપિયા 20 હજાર 624 (વીસ હજાર છસ્સો ચોવીસ) જેટલી રકમનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે, તથા ઉક્ત દુકાનદારોની ગેરરીતી જણાઈ આવતા દુકાનદારો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# Fire- mahisagar, kheda

ખેડાની વરસોલા GIDC ખાતેની પેપર મિલમાં ગઈકાલે આગ લાગી હતી. લગભગ 5 કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

આ ઘટનામાં મોટી માત્રામાં કાચોમાલ બળી જતાં મોટું નુકશાન થયાની આશંકા છે. બીજી તરફ મહીસાગરના લુણાવાડામાં મહાકાળી માતાના ડુંગરના જંગલ વિસ્તારમાં એકા એક આગ ફાટી નીકળી હતી. ફાયર અને વન વિભાગ દ્વારા આગ બુઝાવાની કામગીરી હાથ ધરાઈ હતી.

# WORLD TB DAY

**આજે 24 માર્ચ એટલે કે વિશ્વ ક્ષય દિવસ છે. નીતિ આયોગના ટીબી નાબૂદી લક્ષ્યાંકના 95 ટકા હાંસલ કરીને ગુજરાત અગ્રેસર રાજ્ય બન્યું છે. સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ: રિદ્ધિ ઉંધાડ)**

*વર્ષ 2024માં રાજ્યને અપાયેલા એક લાખ 45 હજાર ટીબી દર્દીઓની ઓળખના લક્ષ્યાંક સામે રાજ્યમાં એક લાખ 37 હજાર 929 ટીબી દર્દીઓની નોંધણી કરાઇ હતી. જેમની સારવાર પૂર્ણ થવાનો દર 90 ટકા નોંધાયો હતો. વર્ષ 2024માં ટીબીના એક લાખ 18 હજાર 984 દર્દીઓને 43 કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય આપવામાં આવી છે. રાજ્યમાં 10 હજારથી વધુ નિક્ષય મિત્રોના સહયોગથી 3 લાખ 49 હજાર પોષણ કિટનું વિતરણ કરાયું છે. આ સાથે 100 દિવસીય સઘન ટીબી નાબૂદી અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 35 લાખ 75 હજાર લોકોનું ટીબી પરીક્ષણ કરી સારવાર શરૂ કરાઇ છે.*

*રિદ્ધિ ઉંધાડ આકાશવાણી સમાચાર અમદાવાદ*

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**ગોન્ગ મ્યુઝિક**

**.....................................**

# PORBANDAR MOZABIC MURDER

મૂળ પોરબંદરના અને મોઝામ્બિકના માપુટો ખાતે 16 વર્ષથી જનરલ સ્ટોર ધરાવતા યુવાન વિનય સોનેરી નું થોડા દિવસો પહેલા અપહરણ કરી તેની હત્યા કરાઈ હતી.

કેટલાંક શખ્સોએ તેનું અપહરણ કરીને 20 લાખ ડોલરની માંગણી કરી હતી. આ મામલે મોઝામ્બિકની સ્થાનીક પોલીસ શોધખોળ કરી હતી તે દરમિયાનમાં ત્યાંના જંગલમાંથી તેનો દફનાવી દીધેલો મૃતદેહ મળી આવ્યો હતો, જેથી તેના મૃતદેહને તેના માદરે વતન પોરબંદરમાં મોકલવામાં આવ્યો છે અને પોરબંદરમાં શોકની લાગણી છવાઇ ગઇ છે.

# ALL INDIA POLICE AQUATIC

ગાંધીનગરમાં આજથી 28 માર્ચ દરમિયાન 72મી ઓલ ઇન્ડિયા પોલીસ એક્વેટીક્સ ક્લસ્ટર ચેમ્પિયનશિપ 2024-25 યોજાશે. કેન્દ્રીય અનામત પોલીસ દળ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં 27 રાજ્યોના 572 રમતવીરો સહભાગી થશે.

રાજ્યના પોલીસ મહાનિદેશક વિકાસ સહાયની ઉપસ્થિતિમાં સ્પર્ધાનું ઉદઘાટન થશે અને 28મીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સમાપન થશે.

સ્પર્ધામાં વિવિધ એક્વેટીક્સ અને ક્રોસ કન્ટ્રી સહિતની ચાર સ્પર્ધાઓ યોજાશે. આ ઉપરાંત 26મી માર્ચના રોજ ચિલોડા રોડ, ગાંધીનગર ખાતે

સ્થિત CRPF ગ્રુપ સેન્ટર ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

## Weather

રાજ્યમાં ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાંથી પવનો ફૂંકાતા મહત્તમ તાપમાન વધ્યું છે. આગામી ત્રણ દિવસમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

ગઇકાલે સુરેન્દ્રનગર 41 ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું છે. આ ઉપરાંત રાજકોટમાં 40.5, અને કંડલામાં 40, અમદાવાદમા 39.7 ડીસા, ભુજ, નલિયા અને અમરેલીમાં 39 ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે.

## SURAT ANGDAN

સુરત શહેરમાં એબ્રોડ઼રીનો વ્યવસાય કરનારા વઘાસિયા પરિવારે માનવતાની એક અનોખી મિશાલ કાયમ કરી છે. પરિવારે તેમના પરિવારના બ્રેઇન ડેડ સભ્યનું લીવર અને બંને આંખોનું દાન કરીને ત્રણ જરૂરિયાતમંદ લોકોને નવું જીવન આપ્યું છે. જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન, સુરત દ્વારા આ ૨૧મું અંગદાન કરાવવામાં આવ્યું, જે સમાજ

માટે એક પ્રેરણાદાયી ઘટના છે.વધુ માહિતી આપતા જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશનના જસ્વિંત કુંજડિયાએ આ મુજબ જણાવ્યું..

(બાઇટ- જસ્વિંત કુંજડિયા)

# KUTCH BIRDS

ઉનાળાની શરૂઆત થતાં કચ્છ જિલ્લાના પ્રવાસી પ્રક્ષીઓએ પોતાના ઘર તરફ પ્રયાણ કર્યું છે. સપ્ટેમ્બર મહિનામાં આવતા આ પક્ષીઓ સામાન્ય રીતે 6 મહિના જેટલો સમય કચ્છ જિલ્લામાં વિતાવે છે. સાંભળીએ અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધિ રામજી મેરિયાનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ: રામજી મેરિયા)

# ST commission member Jamnagar visit

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગના સભ્ય ડૉ.આશા લકડાએ જામનગર સર્કિટ હાઉસ ખાતે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.
આ બેઠકમાં તેઓએ જામનગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લોકોને સરકારી યોજનાઓના વધુમાં વધુ લાભો મળી રહે તે પ્રકારે કામગીરી કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું. તેઓએ સમરસ હોસ્ટેલની મુલાકાત

લઈ વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ કર્યો હતો, તેમજ હોસ્ટેલની સુવિધાઓનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા.

# IPL

આઇપીએલ ટી-20માં ચેન્નાઈ સુપર કિંગ્સે ગઈકાલે રાત્રે ચેન્નાઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સને 4 વિકેટે હરાવ્યું હતું. મુંબઈ ઈન્ડિયન્સે આપેલા 156 રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરતા ચેન્નાઈ સુપર કિંગ્સે રચિન રવિન્દ્રના અણનમ 65 અને સુકાની રુતુરાજ ગાયકવાડના આક્રમક 53 રનની મદદથી 19.1 ઓવરમાં જીત મેળવી હતી.

મુંબઇ ઇન્ડિયન્સના પ્રારંભિક ખેલાડીઓ ઝડપથી આઉટ થઈ ગયા હતા. રોહિત શર્મા શૂન્ય રને આઉટ થયા હતા, જ્યારે રિકલ્ટને 13 અને જેકસે 11 રન કર્યા હતા. સૂર્યકુમાર યાદવે 29 અને તિલક વર્માએ 31 રન કર્યા હતા. 18 રનમાં ચાર વિકેટ ઝડપનાર નુર અહેમદને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

આ અગાઉ રમાયેલી મેચમાં સનરાઇઝર્સ હૈદરાબાદે રાજસ્થાન રોયલ્સને 44 રને હરાવ્યું હતું.

આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.